# પ્રસારભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-11-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

***************************************************

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ લુઆન્ડામાં અંગોલાના રાષ્ટ્રપતિ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી – અનેક સમજૂતી કરાર કર્યા
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડ રાજ્યની રજત જયંતિ સમારોહને સંબોધિત કર્યો - વિવિધ વિકાસકામોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો.
3. બિહાર વિધાનસભા ચૂંટણીના અંતિમ તબક્કાનો ચૂંટણી પ્રચાર આજે સાંજે પૂર્ણ થયો
4. ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડીએ આતંકી પ્રવૃતિ સાથે સંકળાયેલા ત્રણ શખ્સની ધરપકડ કરી
5. અમેરિકામાં સરકારી શટડાઉનને કારણે એરલાઇન્સે 1 હજાર 700 થી વધુ ઉડાનો રદ કરી

………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PRESIDENT-ANGOLA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ લુઆન્ડામાં અંગોલાના રાષ્ટ્રપતિ જોઆઓ લોરેન્કો સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી. આ અગાઉ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું લુઆન્ડામાં રાષ્ટ્રપતિ ભવનમાં ભવ્ય સ્વાગત અને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું. બંને નેતાઓએ ભારત અને અંગોલા વચ્ચે બહુપક્ષીય ભાગીદારીને વધુ મજબૂત બનાવવાના માર્ગો પર વ્યાપક ચર્ચા કરી.

(બાઇટ- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, બિઝનેસ અને ઇન્વેસ્ટમેન્ટ)

રાષ્ટ્રપતિએ ઘણા ક્ષેત્રોમાં ભારતની કુશળતા પર પ્રકાશ પાડ્યો અને પરસ્પર વિકાસ અને સમૃદ્ધિ માટે આ તકોનો લાભ લેવા માટે અંગોલા સાથે નજીકથી કામ કરવાની તૈયારી વ્યક્ત કરી.

ટકાઉ વિકાસ પ્રત્યે અંગોલાની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરતા, રાષ્ટ્રપતિ મુર્મુએ ભારતની આગેવાની હેઠળની બે મુખ્ય વૈશ્વિક પહેલ - ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સ અને ઇન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સમાં જોડાવા બદલ અંગોલાને અભિનંદન આપ્યા. બંને પક્ષો પસંદગીના ક્ષેત્રોમાં સહયોગને ઔપચારિક બનાવવા માટે અનેક સમજૂતી કરારો પર હસ્તાક્ષર કરવાના છે. હવાઈ સેવાઓ કરારને વધુ વિકસાવવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

(BYTE – PRESIDENT – 3 MOU)

દરમ્યાન રાષ્ટ્રપતિએ પત્રકાર પરિષદમાં કહ્યું કે તેઓ અંગોલાની સ્વતંત્રતાની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે લુઆન્ડામાં આવીને ખુશ છે. 140 કરોડ ભારતીયો વતી, તેમણે અંગોલાને તેની સ્વતંત્રતાની 50મી વર્ષગાંઠ અને આફ્રિકન યુનિયનના અધ્યક્ષપદની શુભેચ્છાઓ પાઠવી.

-------------

# Prime Minister – Dehradun

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દહેરાદૂનમાં ઉત્તરાખંડ રાજ્યની રચનાના રજત જયંતિ સમારોહને સંબોધિત કર્યો. તેમણે 8 હજાર 140 કરોડથી વધુના વિવિધ વિકાસકામોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. આ વિકાસકામોમાં પીવાનું પાણી, સિંચાઈ, ટેક્નિકલ શિક્ષણ, ઉર્જા, શહેરી વિકાસ, રમતગમત અને કૌશલ્ય વિકાસ જેવા મુખ્ય ક્ષેત્રો સાથે સંબંધિત છે. પ્રધાનમંત્રી પાક વીમા યોજના હેઠળ, પ્રધાનમંત્રીએ 62 કરોડથી વધુની નાણાકીય સહાય સીધી 28 હજારથી વધુ ખેડૂતોના બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરી.

જાહેર સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે 9 નવેમ્બર એ ઉત્તરાખંડના લોકોના લાંબા સંઘર્ષ અને દ્રઢતાની પરાકાષ્ઠા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ડબલ એન્જિન સરકાર ઉત્તરાખંડને વિકાસની નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે સતત પ્રયાસશીલ છે.

(બાઇટ- પીએમ ઓન ડબલ એન્જિન સરકાર)

તેમણે કહ્યું કે ઉત્તરાખંડના સ્થાનિક ઉત્પાદનો 'વોકલ ફોર લોકલ' અભિયાનમાં જોડાઈ રહ્યા છે અને રાજ્યના 15 કૃષિ ઉત્પાદનોને GI ટેગ મળ્યા છે. ફિલ્મ અને લગ્ન સ્થળ તરીકે રાજ્યની સંભાવના પર ભાર મૂકતા શ્રી મોદીએ કહ્યું કે ઉત્તરાખંડની નવી ફિલ્મ નીતિએ રાજ્યમાં શૂટિંગ સરળ બનાવ્યું છે અને તે ઝડપથી લગ્ન સ્થળ તરીકે પણ ઉભરી રહ્યું છે. તેમણે કહ્યું કે ઉત્તરાખંડે છેલ્લા 25 વર્ષોમાં વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.

(બાઇટ- પીએમ ઓન કનેક્ટીવીટી)

-------------

# PMO - SCRAP REVENUE

પ્રધાનમંત્રી કાર્યાલયે આજે એક લેખ શેર કર્યો છે જેમાં ખુલાસો થયો છે કે કેન્દ્ર સરકારે ગયા મહિને ભંગાર વેચીને લગભગ 800 કરોડ રૂપિયાની કમાણી કરી હતી, જે ચંદ્રયાન-3 ના ખર્ચ કરતાં વધુ હતી.

લેખ અનુસાર, સરકારે ગયા મહિને તેના સ્વચ્છતા અભિયાન દરમિયાન ભંગાર વેચીને નોંધપાત્ર રકમ મેળવી હતી. લેખમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે 2021 માં વાર્ષિક અભિયાન શરૂ થયા પછી ભંગાર વેચીને કુલ સરકારી કમાણી લગભગ 4 હજાર 100 કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે.

-------------

# Prime Minister - Buddha Relics

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત તરફથી મોકલવામાં આવેલા ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોનું આદરપૂર્વક સ્વાગત કરવા બદલ ભૂતાનના લોકો અને નેતાઓની પ્રશંસા કરી છે.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે આ અવશેષો શાંતિ, કરુણા અને સંવાદિતાના શાશ્વત સંદેશનું પ્રતીક છે. ભગવાન બુદ્ધના ઉપદેશો ભારત અને ભૂતાનના સહિયારા આધ્યાત્મિક વારસા વચ્ચે એક પવિત્ર કડી છે.

-------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

# BIHAR ELETION - PRACHAR

બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે પ્રચાર પૂર્ણ થઈ ગયો છે. મંગળવારે 20 જિલ્લાઓમાં 122 વિધાનસભા બેઠકો માટે મતદાન થશે. આ બીજા તબક્કામાં 3 કરોડ 70 લાખથી વધુ મતદારો 136 મહિલાઓ સહિત 1,302 ઉમેદવારોનું ચૂંટણી ભાવિ નક્કી કરશે. આજે પ્રચારના અંતિમ દિવસે, NDA, મહાગઠબંધન અને અન્ય પક્ષોના ટોચના નેતાઓએ શ્રેણીબદ્ધ ચૂંટણી રેલીઓ અને રોડ શો યોજ્યા.

-------------

# Vice President - Karnataka

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને વિદ્યાર્થીઓને નિર્ભયતાથી, સખત મહેનત અને સમર્પણ સાથે કામ કરવા હાકલ કરી હતી. તેઓ મૈસુરમાં JSS એકેડેમી ઓફ હાયર એજ્યુકેશનના સ્નાતક વિદ્યાર્થીઓને સંબોધિત કરી રહ્યા હતા.

ભગવદ્ ગીતા અને ભગવાન કૃષ્ણનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે કોઈ પણ પુરસ્કારની અપેક્ષા રાખ્યા વિના કામ કરવું એ આપણી ફરજ છે.  "ઊઠો, જાગો, અને જ્યાં સુધી તમે તમારા લક્ષ્ય સુધી ન પહોંચો ત્યાં સુધી થોભો નહીં", વિવેકાનંદના સંદેશને પ્રતિબિંબિત કરતા શ્રી રાધાકૃષ્ણને યુવાનોને બીજાઓ પાસેથી ફક્ત સારી વસ્તુઓ સ્વીકારવા અને ક્યારેય પોતાની તુલના બીજાઓ સાથે ન કરવા વિનંતી કરી.

-------------

## Tokhan Sahu - Urban Summit

આવાસ અને શહેરી બાબતોના રાજ્યમંત્રી તોખાન સાહુએ જણાવ્યું હતું કે 2050 સુધીમાં દેશની શહેરી વસ્તી 87 કરોડ 60 લાખને વટાવી જવાનો અંદાજ છે. શ્રી સાહુએ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય શહેરી પરિષદને સંબોધતા આમ જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે 2030 સુધીમાં, શહેરી વિસ્તારો દેશના GDP માં 70 ટકાથી વધુ યોગદાન આપશે.

સ્વચ્છ અને ટકાઉ શહેરી વિકાસમાં ઉત્તરપૂર્વ અને હિમાલયી પ્રદેશોને ટેકો આપવા માટે ગ્રીન એન્ડ હિમાલયન સિટીઝ-સેન્ટ્રિક ફંડ તરીકે ઓળખાતું 1 હજાર કરોડનું ભંડોળ બનાવવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે

પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરીના બીજા તબક્કા અને નવીન ધિરાણ જેવી યોજનાઓ દ્વારા, સરકાર સમાવિષ્ટ અને આત્મનિર્ભર શહેરો બનાવવા માટે કામ કરી રહી છે.

-------------

# GUJARAT ATS TERRORIST

ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી- ATSએ આતંકી પ્રવૃતિ સાથે સંકળાયેલા ત્રણ શખ્સની ધરપકડ કરી છે. મળેલી બાતમીને આધારે ATSએ તપાસ કરતા ગાંધીનગરના અડાલજ પાસેથી અહેમદ મોહીયુદીન નામના શખ્સને ઝડપી લીધો હતો. તેની પાસેથી 3 પિસ્તોલ અને 30 જીવતા કારતૂસ મળી આવ્યા હતા. ત્યારબાદ તે શખ્સની પૂછપરછ અને તેના મોબાઈલમાંથી મળેલી વિગતોને આધારે બનાસકાંઠામાંથી અન્ય બે શખ્સની અટકાયત કરવામાં આવી.

ગુજરાત ATSના નાયબ પોલીસ મહાનિરીક્ષક સુનિલ જોશીએ જણાવ્યું કે અદાલતે આરોપી અહેમદ મોહીયુદીન સૈયદના 17 નવેમ્બર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે.

-------------

# WEATHER

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસમાં મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ઝારખંડમાં ઠંડીનું મોજું ફરી વળવાની આગાહી કરી છે. પૂર્વી રાજસ્થાનમાં પણ આવી જ હવામાન સ્થિતિ રહેશે. આગામી બે થી ત્રણ દિવસમાં ઉત્તરપૂર્વ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની ધારણા છે. હવામાન વિભાગે આજે તમિલનાડુ, કેરળ અને માહેમાં ભારે વરસાદની આગાહી કરી છે.

-------------

## Air Travel Disruption – USA

અમેરિકામાં સરકારી શટડાઉનને કારણે એરલાઇન્સે 1700 થી વધુ ઉડાનો રદ કરી છે. પગાર ચૂકવવામાં ન આવતા કર્મચારીઓની અછતને કારણે હજારો ઉડાન મોડી પડી હતી. આ કારણે ગઈકાલે ન્યુયોર્ક શહેરના ત્રણ મુખ્ય વિમાનીમથક - નેવાર્ક લિબર્ટી ઇન્ટરનેશનલ, લાગાર્ડિયા અને જોન એફ. કેનેડી ઇન્ટરનેશનલ - પરથી ઉડાનો મોડી પડી હતી. શિકાગો, ડેનવર, ડલ્લાસ-ફોર્ટ વર્થ, લોસ એન્જલસ, સાન ફ્રાન્સિસ્કો, બોસ્ટન, ફોનિક્સ, સિએટલ અને ઓર્લાન્ડોના મુખ્ય વિમાનીમથક પર પણ વિક્ષેપ પડ્યો હતો.

અમેરિકન ટ્રાન્સપોર્ટના સચિવ સીન ડફીએ કહ્યું છે કે જો કોંગ્રેસ બજેટ મડાગાંઠનો ઉકેલ નહીં લાવે, તો આ સંખ્યા 15 થી 20 ટકા સુધી વધી શકે છે.

-------------